ડૉ.બાબાસાહેબ સાહેબ આંબેડકર ભવન, રાજપીપળા
જિ.નર્મદાના ગ્રાઉંડ ફ્લોરને બંને બાજુએ **Sefty Grill &**
**Callapsible Steel Shutter** બનાવવા માટેના ખર્ચને મંજૂરી
આપવા અંગે.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ અબડ-૧૦૨૦૧૨-ન.બા.પ૩-ગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૧૨/૭/૨૦૧૬.

<u>વંચાણે લીધાં</u>

(૧) સા.ન્યા.અને અ.વિની તા.૩૧-૮-૨૦૧૨ના ઠરાવ ક્ઃઅબડ-૧૦૨૦૧૨-ન.બા.પ૩-ગ

(૨) સા.ન્યા.અને અ.વિની તા.૬-૧-૨૦૧૪ના ઠરાવ ક્ઃઅબડ-૧૦૨૦૧૨-ન.બા.પ૩-ગ

(૩) નિયામકશ્રી, અ.જા.ક ના તા.૧૭-૬-૨૦૧૬ના પત્ર ક્માક-અજાક-મ-૪-૨૨૫-૨૦૧૬-૩૩૬૨ થી ૩૩૬૦

<u>ઠ રા વ</u>

જીલ્લા કક્ષાએ ડૉ.બાબાસાહેબ સાહેબ આંબેડકર ભવન, રાજપીપળા જિ.નર્મદા ખાતે ભવન ના બાંધકામ માટે સરકાર દ્વારા ઉપરોક્ત વંચાણે લીધેલ ક્મ-(૧) ના ઠરાવ થી વહીવટી મંજૂરી આપવામાં આવેલ હતી. વંચાણે લીધાં ક્મ-(૨) થી સુધારેલી વહીવટી મંજૂરી આપવામાં આવેલ હતી. ત્યારબાદ વંચાણે લીધાં ક્મ-(૩)ના તા. ૧૭-૬-૨૦૧૬ના પત્રથી ડૉ.બાબાસાહેબ સાહેબ આંબેડકર ભવન, રાજપીપળા જિ. નર્મદા ના ગ્રાઉંડ ફ્લોરને બંને બાજુએ **Sefty Grill & Collapsible Steel Shutter** બનાવવા માટેના થનાર રૂ. ૪,૨૦,૦૦૦/- ખર્ચને મંજૂરી આપવા અંગેની દરખાસ્ત કરેલ છે. પ્રસ્તુત દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ડૉ.બાબાસાહેબ સાહેબ આંબેડકર ભવન, રાજપીપળા, જિ નર્મદા ના ગ્રાઉંડ ફ્લોરને બંને બાજુએ **Sefty Grill & Callapsible Steel Shutter** બનાવવા માટેના થનાર રૂ.૪,૨૦,૦૦૦/- (અંકે રૂપિયા ચાર લાખ વીસ હજાર પુરા) ખર્ચને નીચેની શરતો ને આધીન મંજુરી આપવામાં આવે છે.

(૧) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો વખત લાગુ પડતા નિયમો મુજબ નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.

(૨) રજૂ થયેલ અંદાજોની સક્ષમ કક્ષાએ ખરાઇ કરાવે લેવાની રહેશે.

(૩) ઉપરોક્ત મંજૂર કરવામાં આવેલ રકમથી ખર્ચ વધવા ન પામે તેની તકેદારી સંબંધિત કચેરીએ રાખવાની રહેશે.

(૪) આ બાંધકામ માર્ગ અને મકાન વિભાગ મારફત કરાવવાનું રહેશે. .

આ અંગેનું ખર્ચ અંદાજપત્ર ના મુખ્ય સદર- ૪૨૨૫, અનુસૂચિત જાતિઓ, આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોના કલ્યાણ અંગે મૂડી ખર્ચ જોગવાઇ, પેટા મુખ્ય સદર – ૦૩- પછાતવર્ગોનું કલ્યાણ, ગૌણ સદર- ૮૦૦- અન્ય ખર્ચ, પેટા સદર- (૦૧) – બીસીકે-૪૯ – ડૉ.બાબાસાહેબ આંબેડકર ભવન બાંધકામ હેઠળ ઉધારવું અને તે હેઠળ થયેલ જોગવાઇ માંથી મેળવવાનું રહેશે.

આ ઠરાવ સરખા ક્રમાંક ની ફાઇલ પર નાણા વિભાગની તા.૫-૭-૨૦૧૬ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( જે. જે. ખડિયા )
ઉપસચિવ,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,
માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
અગ્ર સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
નાણા સલાહકારશ્રી(સા.ન્યા), માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ /રાજકોટ
નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
કાર્યપાલક ઇજનેર શ્રી, માર્ગ અને મકાન વિભાગ, રાજપીપળા, જિ. નર્મદા
નાયબ નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણ ની કચેરી, રાજપીપળા, જિ. નર્મદા
જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(પંચાયત)જીલ્લા પંચાયત રાજપીપળા, જિ. નર્મદા
સે.અ.શ્રી, કોમ્પ્યુટર સેલ(સા.ન્યા) વિભાગની વેબસાઇટ ઉપર મૂકવા વિનંતી. સિલેક્ટ ફાઇલ.